# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 25-11-2024 EVENING : 7.50 to 8.00
Day : Monday National News

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે સહકારી ક્ષેત્રની ભાવિ વૃધ્ધિમાં ભારતની મોટી ભૂમિકા ભજવશે.
2) સંસદનાં શિયાળુ સત્રનાં પ્રથમ દિવસે આજે વિરોધ પક્ષોનાં શોરબકોર વચ્ચે બંને ગૃહો બુધવાર સુધી મોકૂફ
3) ભારતીય બંધારણને અંગીકાર કરવાના 75 વર્ષ નિમિત્તે આવતી કાલથી એક વર્ષ સુધી રાષ્ટ્રવ્યાપી ઉજવણીની જાહેરાત
4) વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે પશ્ચિમ એશિયામાં યુધ્ધવિરામને ટેકો આપવા તમામ દેશોને હાકલ કરી
5) પર્થમાં રમાયેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં ભારતનો ઓસ્ટ્રેલિયા વિરુધ્ધ 295 રને ભવ્ય વિજય

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM - COOPERATIVE CONFERENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સહકારી ક્ષેત્રમાં ભાવિ વૃધ્ધિમાં ભારત તેની મોટી ભૂમિકા જોઈ રહ્યું છે. નવી દિલ્હીમાં ભારત

મંડપમ ખાતે આંતરરાષ્ટ્રીય સહકાર ગઠબંધન- ICA વૈશ્વિક સહકાર પરિષદનું ઉદઘાટન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, સહકારી એકમો ભારતની સંસ્કૃતિનો પાયો છે. તેમણે જણાવ્યું કે, ભારતમાં સહકાર ક્ષેત્ર એક વિચારમાંથી ક્રાંતિમાં અને ક્રાંતિમાંથી સશક્તિકરણમાં પરિવર્તિત થયું છે.

ભારતમાં સહકારી ચળવળ અંગે પ્રધાનમંત્રીએ આ મુજબ જણાવ્યુઃ

**(BYTE PM MODI CO-OPERATIVE)**

આ પ્રસંગે શ્રી મોદીએ આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ 2025 પર બહાર પાડવામાં આવેલી સ્મારક ટિકિટનું વિમોચન કર્યું હતું.

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે સહકારી ક્ષેત્ર પ્રત્યે ભારતની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કરતાં જણાવ્યું કે દરેક ગામ અને દરેક ખેડૂત સુધી સહકારિતાની પહોંચ વધારવા સરકાર કટિબધ્ધ છે અને અનેક ક્ષેત્રોને સહકારિતા સાથે જોડવાનું કામ ચાલી રહ્યું છે.

**(BYTE AMIT SHAH CO-OPERATIVE-2)**

ભુટાનના પ્રધાનમંત્રી ડેશો શેરિંગ ટોબગે અને ફિજીના નાયબ પ્રધાનમંત્રી મનોઆ કામિકામિકાએ પણ પરિષદમાં હાજરી આપી હતી.

આઇસીએનાં 130 વર્ષનાં ઇતિહાસમાં ભારતમાં પ્રથમ વાર વૈશ્વિક સહકાર પરિષદ અને સામાન્ય સભા યોજાઈ રહી છે. 1895માં સ્થપાયેલાં આંતરરાષ્ટ્રીય સહકાર ગઠબંધનમાં વિશ્વભરનાં 30 લાખ સહકારી એકમો જોડાયેલા છે અને તેમાં એક અબજથી વધુ સહકારી સભ્યો છે. છ દિવસની આ પરિષદમાં શ્રેણીબધ્ધ કાર્યક્રમો અને ચર્ચા હાથ ધરવામાં આવશે.

## PARLIAMENT PROCEDURE

સંસદનાં શિયાળુ સત્રનાં પ્રથમ દિવસે આજે વિરોધ પક્ષોએ કેટલાંક મુદ્દે કરેલાં શોરબકોર વચ્ચે બંને ગૃહોને દિવસ પૂરતા મોકૂફ રાખવામાં આવ્યા હતા.

આવતીકાલે બંધારણ દિવસના ઉપલક્ષ્યમાં સંસદમાં વિવિધ કાર્યક્રમોને કારણે આવતીકાલે ગૃહની કામગીરી થશે નહીં. બંને ગૃહો હવે બુધવારે સવારે મળશે

આજે સવારે રાજયસભાનું ગૃહ મળ્યું ત્યારે સભાપતિએ એક ઉદ્યોગ જૂથ સામે કથિત ભ્રષ્ટાચારનાં આક્ષેપ, મણિપુરમાં હિંસા સહિતનાં મુદ્દે ગૃહ મોકૂફીની વિરોધ પક્ષની નોટિસને ફગાવી દીધી હતી. તેને પગલે વિરોધ પક્ષના સાંસદોએ ધાંધલધમાલ કરતા સભાપતિએ ગૃહને પોણા બાર વાગ્યા સુધી મોકૂફ રાખ્યું હતું.

ગૃહ મોકૂફી બાદ રાજ્યસભા પોણા બાર વાગે મળી ત્યારે સભાપતિ જગદીપ ધનખડે વિપક્ષી સભ્યોને ગૃહમાં સામાન્ય કામકાજ થવા દેવાની વિનંતી કરી હતી, જો કે શોરબકોર ચાલુ રહેતાં તેમણે કાર્યવાહી દિવસ પૂરતી મોકૂફ રાખી હતી. અગાઉ ગૃહે તાજેતરમાં દિવંગત થયેલા તેનાં છ ભૂતપુર્વ સભ્યોને શ્રધ્ધાંજલિ આપી હતી.

લોકસભાએ ગૃહનાં પ્રારંભમાં તાજેતરમાં અવસાન પામેલા ગૃહનાં વર્તમાન સભ્યો વસંતરાવ ચવ્વાણ અને શેખ નુરુલ ઇસ્લામને શ્રધ્ધાંજલિ પાઠવી હતી. અધ્યક્ષ ઓમ બિરલાએ તેમનાં માનમાં ગૃહને 12 વાગ્યા સુધી મોકૂફ રાખ્યું હતું. જ્યારે ગૃહ પુનઃ મળ્યું ત્યારે કોંગ્રેસ, સપા, ડીએમકે અને અન્ય પક્ષોનાં સભ્યોએ એક વેપાર જૂથ સામેનાં કથિત ભ્રષ્ટાચારનાં આક્ષેપ, ઉત્તરપ્રદેશમાં સંભલમાં હિંસા સહિતનાં મુદ્દે શોરબકોર કર્યો હતો. ઉહાપોહ વચ્ચે પીઠાસિન અધિકારીએ ગૃહને મોકૂફ રાખ્યું હતું.

દરમિયાન, અગાઉ, સવારે **સંસદ સત્રનાં પ્રારંભ પહેલાં માધ્યમો સાથે વાત કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શિયાળું સત્ર ફળદાયી, રચનાત્મક ચર્ચાઓથી ભરેલું રહેવાની આશા વ્યક્ત કરી હતી. મોદીએ કહ્યું, 'બંધારણ અપનાવ્યાને 75 વર્ષ પૂર્ણ થયા સહિતના અનેક કારણોસર આ સત્ર મહત્વનું છે.**

## CONSTITUTION DAY

સરકારે ભારતીય બંધારણને અંગીકાર કરવાના 75 વર્ષ નિમિત્તે આવતી કાલથી એક વર્ષ સુધી ઉજવણી કરવાની જાહેરાત કરી છે. દેશભરમાં થનારી આ ઉજવણી 26 નવેમ્બર, 2025 સુધી ચાલશે. 26 નવેમ્બર, 1949નાં રોજ ભારતની બંધારણ સભાએ બંધારણનો સ્વીકાર કર્યો હતો, જેનો અમલ 26 જાન્યુઆરી, 1950નાં રોજથી થયો હતો.

ઉજવણીનાં ભાગ રૂપે હાથ ધરાનારી પ્રવૃત્તિઓની વિગતો આપતા સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ નવી દિલ્હીમાં જણાવ્યું કે, આવતી કાલે સંવિધાન સદનનાં મધ્યસ્થ ખંડમાં ભવ્ય કાર્યક્રમ યોજાશે, જેમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બંને ગૃહોનાં સભ્યોને સંબોધન કરશે. તેમણે જણાવ્યું કે, આ ઉજવણી માત્ર સંસદની જ નહીં, પણ સમગ્ર દેશની છે.

એક વર્ષ ચાલનારી આ ઉજવણી હમારા સંવિધાન, હમારા સ્વાભિમાન શિર્ષક હેઠળ થશે. અમારા પ્રતિનિધિ જણાવે છે કે, નાગરિકો બંધારણનાં વારસાને જાણી શકે તે માટે ખાસ વેબસાઇટ Constitution75.com બનાવવામાં આવી છે. નાગરિકો આ વેબસાઇટ પરથી પોતાની પસંદગીની ભાષામાં બંધારણનું આમુખ વાંચીને ઝૂંબેશમાં ભાગ લઈ શકે છે. વેબસાઇટ પર આ વિડીયો અપલોડ કરીને તેઓ સહભાગિતા અંગેનું પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકે છે.

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલોં કરી શકો છો.

## **NATIONAL MILK DAY**

ભારતમાં શ્વેત ક્રાંતિના જનક તરીકે ઓળખાતા ડૉક્ટર વર્ગીસ કુરિયનની 103મી જન્મજયંતિ નિમિત્તે આવતીકાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી કરવામાં આવશે. પશુપાલન અને ડેરી વિભાગનાં જણાવ્યા પ્રમાણે આ કાર્યક્રમમાં ભારતના અર્થતંત્ર અને પોષણ સુરક્ષામાં ડેરી ક્ષેત્રનાં મહત્વપૂર્ણ યોગદાન પર ચર્ચા થશે.

આ પ્રસંગે કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહ પશુધન અને ડેરી ક્ષેત્રના પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય ગોપાલ રત્ન પુરસ્કાર એનાયત કરશે. આ કાર્યક્રમમાં ખેડૂતો, દૂધ સંઘો અને ડેરી સહકારી સમિતિઓ ભાગ લેશે

## JAISHANKAR-MED

વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે મધ્યપૂર્વમાં વર્તમાન પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ભારત ત્રાસવાદ અને અપહરણની ઘટનાઓને સંપૂર્ણપણે વખોડી કાઢે છે. ઇટલીનાં રોમ ખાતે MED મેડિટેરેનિયન ડાયલોગ્ઝ કોન્ફરન્સમાં પ્રારંભિક ઉદબોધન કરતા ડોક્ટર એસ જયશંકરે ભારપૂર્વક જણાવ્યું કે માનવીય કાયદાની અવગણના ન થઈ શકે. તેમણે તમામ દેશોને યુધ્ધવિરામને ટેકો આપવા હાકલ કરી હતી. તેમણે પેલેસ્ટાઇની નાગરિકોનાં ભાવિ અંગે પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

ભારતનાં વલણનો પુનરોચ્ચાર કરતા તેમણે જણાવ્યું કે, ભારત દ્વિ-રાજ્ય ઉકેલની તરફેણ કરે છે. વિદેશ મંત્રીએ વધતા જતા સંઘર્ષ અંગે ભારતની ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે, સંઘર્ષનો અંત લાવવા ભારત ઇઝરાયેલ અને ઇરાનનાં સર્વોચ્ચ સ્તરે નિયમિત સંપર્કમાં છે.

## INDIA AUSTRALIA PERTH TEST

પર્થમાં રમાયેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં ભારતે ઓસ્ટ્રેલિયા વિરુધ્ધ 295 રનથી ભવ્ય વિજય મેળવ્યો છે. આ જીત ભારતની સૌથી મોટી જીતમાંની એક છે.

ભારતીય કેપ્ટન જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજે ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી. બુમરાહને પ્લેયર ઓફ ધ મેચનો ખિતાબ આપવામાં આવ્યો.

વિરાટ કોહલીની અણનમ સદી અને યશસ્વી જયસ્વાલનાં 161 રનની શાનદાર ઇનિંગની મદદથી ભારતે યજમાન ટીમ સામે 534 રનનો વિશાળ લક્ષ્ય મૂક્યો હતો.

આ ભવ્ય વિજય સાથે ભારત 61.1 ટકા અંક સાથે આઇસીસી વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપનાં ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે, જ્યારે ઓસ્ટ્રેલિયા 57.69 ટકા અંક સાથે બીજા સ્થાને ઉતરી ગયું છે.

આ જીત સાથે ભારત પાંચ મેચની શ્રેણીમાં 1 શૂન્યથી આગળ છે. બીજી ટેસ્ટ છઠ્ઠી ડિસેમ્બરે એડિલેડ ઓવલમાં શરૂ થશે.

## STOCK MARKET

બોમ્બે સ્ટોક એક્સચેન્જ-BSEનો સેન્સેક્સ 993 પોઇન્ટ વધીને 80 હજાર 110 પર બંધ થયો. નેશનલ સ્ટોક એક્સચેન્જ-NSEનો નિફ્ટી પણ 315 પોઇન્ટ વધીને 24 હજાર 222 પર બંધ થયો.

ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયો 17 પૈસા વધીને 84 રૂપિયા અને 28 પૈસા પર બંધ રહ્યો હતો.

## PRASAR BHARTI FREEDOM PLAN

પ્રસાર ભારતી, રેલટેલ અને પ્લેબોક્સ ટીવીએ રેલવાયર બ્રોડબેન્ડ પર ફ્રીડમ પ્લાન શરૂ કરવા જોડાણ કર્યું છે. પ્રસાર ભારતીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર

ગૌરવ દ્વિવેદી અને રેલટેલના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સંજય કુમારે નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં આ પ્લાનની જાહેરાત કરી હતી.

આ ફ્રીડમ પ્લાન રેલટેલની હોમ ઇન્ટરનેટ સર્વિસ રેલવાયરનો ઓટીટી બન્ડલ્ડ હોમ ઇન્ટરનેટ પ્લાન છે. તેમાં વાજબી ભાવે લોકોને હાઇ-સ્પીડ ઇન્ટરનેટ પૂરૂં પાડવામાં આવે છે, જેમાં પ્રસારભારતીનું ઓટીટી પ્લેટફોર્મ WAVES, અન્ય નવ પ્રિમીયમ ઓટિટી પ્લેટફોર્મ, 30 Mbps હાઇ સ્પીડ ઇન્ટરનેટ, 400થી વધુ લાઇવ ચેનલનો સમાવેશ થાય છે

## RAIL EMPLOYEES

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે, છેલ્લાં દાયકામાં પાંચ લાખ રેલ કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે, જ્યારે વર્ષ 2004થી 2024 દરમિયાન ચાર લાખ 40 હજાર કર્મચારીની ભર્તી થઈ છે. તેમણે જણાવ્યું કે, પ્રથમ વાર રેલ વિભાગે ભર્તી માટે વાર્ષિક કેલેન્ડર તૈયાર કર્યું છે.

શ્રી વૈષ્ણવ આજે નાગપુરમાં અખિલ ભારતીય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ રેલ કર્મચારી સંઘનાં રાષ્ટ્રીય અધિવેશનને સંબોધિત કરી રહ્યા હતા.

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, હાલમાં સામાન્ય કોચનું ઉત્પાદન ચાલુ છે અને આશરે 12 હજાર જનરલ કોચ તૈયાર કરવામાં આવી રહ્યા છે. બે દિવસનું આ અધિવેશન આવતી કાલે બંધારણ દિવસ પ્રસંગે સમાપ્ત થશે.